ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-1219/08/2022** **તા.04/08/2022**

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન હર ઘર તિરંગા કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સંદર્ભે ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની આગેવાની હેઠળ તેમજ માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

---

વડાપ્રધાનશ્રીએ દેશની એકતા, અખંડીતતા અને “એક ભારત, શ્રેષ્ઠ ભારત” નાં પ્રતિક રાષ્ટ્રીય તિરંગાને ઘરે ઘરે લાહેરાવવાનું આહ્વાન કર્યું છે અને ગુજરાતમાં પણ આ આહ્વાનને વ્યાપક પ્રમાણમાં જીલી લઈને આગામી 13 થી 15 ઓગસ્ટ દરમ્યાન એક કરોડ ઘરો ઉપર તિરંગો લહેરાવવો છે :- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

“હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા” પદયાત્રા પ્રત્યે સુરત વાસીઓમાં 13 થી 15 ઓગસ્ટ દરમ્યાન પોતાના ઘરે ત્રિરંગો લહેરાવવાનો રાષ્ટ્ર ચેતના સંદેશ પ્રસરાવશે એવો મને વિશ્વાસ છે :- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

સુરત મહાનગરના હર એક નગરજનમાં “હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા”ની રાષ્ટ્રભાવના જગાવવા એક સુંદર આયોજન કર્યું છે તે બદલ સુરત મહાનગરપાલિકાના સૌ સુત્રધારોને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું:- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

---

ધ્વજ લહેરાવવાની જે સ્વતંત્રતા આપણને મળી છે તે સરળતાથી નથી મળી આપણા પૂર્વજો અને દેશના અનેક યુવાનોએ એના માટે શહીદી વહોરી લીધી છે:- શ્રી સી.આર.પાટીલ

---

આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સમગ્ર દેશની અંદર દરેક ઘરે આ ધ્વજ પહોંચે અને તા.13,14,15 ઓગસ્ટ સુધી લહેરાવે એના માટે તેમને સખત પ્રયત્ન અને યોગ્ય આયોજન કર્યું છે :- શ્રી સી.આર.પાટીલ

---

આખા દેશમાં ધ્વજ સુરતમાંથી જાય છે તો પ્રેરણા પણ સુરત માંથી જ જાય, વાતાવરણ પણ સુરતમાં બન્યું છે તે જ વાતાવરણ આખા દેશમાં પણ પહોંચે એના માટે આપણે સૌ સફળ પ્રયત્ન કરીએ :- શ્રી સી.આર.પાટીલ

---

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત ભારત દેશની આઝાદીની 75 વર્ષની ઉજવણી આઝાદી કા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત સ્વતંત્રતા સપ્તાહ દરમ્યાન હર ઘર તિરંગા કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણી સંદર્ભે ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની આગેવાની હેઠળ તેમજ માન.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

માન.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે, આપણે માન.નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણાથી “આઝાદી કા અમૃત મહોત્સવ” સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી કરી રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ દેશની એકતા, અખંડીતતા અને “એક ભારત, શ્રેષ્ઠ ભારત” નાં પ્રતિક રાષ્ટ્રીય તિરંગાને ઘરે ઘરે લાહેરાવવાનું આહ્વાન કર્યું છે અને ગુજરાતમાં પણ આ આહ્વાનને વ્યાપક પ્રમાણમાં જીલી લઈને આગામી 13 થી 15 ઓગસ્ટ દરમ્યાન એક કરોડ ઘરો ઉપર તિરંગો લહેરાવવો છે. સુરત મહાનગરના હર એક નગરજનમાં “હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા”ની રાષ્ટ્રભાવના જગાવવા એક સુંદર આયોજન કર્યું છે તે બદલ સુરત મહાનગરપાલિકાના સૌ સુત્રધારોને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.

શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, સુરતીઓ મોજ મસ્તી અને ખાનપાનનાં શોખીન છે એજ સુરતીઓ આજે પદયાત્રામાં જોડાઈને રાષ્ટ્રભક્તિમાં પણ અગ્રેસરતા દાખવી છે. “હર ઘર તિરંગા, ઘર ઘર તિરંગા” પદયાત્રા પ્રત્યે સુરત વાસીઓમાં 13 થી 15 ઓગસ્ટ દરમ્યાન પોતાના ઘરે ત્રિરંગો લહેરાવવાનો રાષ્ટ્ર ચેતના સંદેશ પ્રસરાવશે એવો મને વિશ્વાસ છે. આવો સૌ સાથે મળી આઝાદી કા અમૃત મહોત્સવે આપણો ગૌરવવંતો ત્રિરંગો ઘરે ઘરે લહેરાવી માં ભારતીનું ગૌરવ કરીએ અને સાથે મળી સૌ આગળ વધીએ તેમ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું

શ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, આ ધ્વજ જે સહજતાથી અને ગૌરવભેર આપણે લહેરાવીએ છીએ તે વખતે આપણે યાદ રાખવું જોઈએ કે આ ધ્વજ લહેરાવવાની જે સ્વતંત્રતા આપણને મળી છે તે સરળતાથી નથી મળી આપણા અનેક પૂર્વજો અને દેશના અનેક યુવાનોએ એના માટે શહીદી વહોરી લીધી છે. દેશના અનેક યુવાનોએ અંગ્રેજોની ગોળીઓ છાતી પર જીલી છે અને ત્યારપછી આપણને મળેલી સ્વતંત્રતાને કારણે આપણે ધ્વજ અહી લહેરાવી શકીએ છીએ. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સમગ્ર દેશની અંદર દરેક ઘરે આ ધ્વજ પહોંચે અને તા.13,14,15 ઓગસ્ટ સુધી લહેરાવે એના માટે તેમને સખત પ્રયત્ન અને યોગ્ય આયોજન કર્યું છે અને એના જ કારણે આદરણીય કેન્દ્રિય ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે પણ ખુબ સુંદર આયોજન હાથ ધર્યું છે. ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીએ એક કરોડ રાષ્ટ્રધ્વજની વ્યવસ્થા કરી છે પરંતુ સરકારી ઓફિસો પર, ગ્રામપંચાયત થી સચિવાલય સુધી આ રાષ્ટ્રધ્વજ તો લાગશે જ પરંતુ ત્રિરંગાને જે દરેકના ઘરે ઘરે લગાવવાનો છે તે આગ્રહ દરેકે કરવાનો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, આપણે ખરા અર્થમાં આ રાષ્ટ્રધ્વજને મહત્વ આપીએ છીએ. કોઈ આપણને આપી જાય અને આપાને લહેરાવીએ એના કરતા જે બાળકોએ પોતાના બચતના ડબ્બા તોડીને એમાંથી રાષ્ટ્રધ્વજ ખરીદીને પોતાના ઘર પર લગાવ્યા છે. મારે આપ સૌને પણ કહેવું છે કે યુવાનો અને વિદ્યાર્થીઓએ પણ પોતાના ઘર પર ધ્વજ લાગાવે અને એના ફોટા અને વિડીઓ તે પોતાના સોશિયલ મીડિયામાં અપલોડ કરતા જાય એનાથી બાકીના મિત્રોને પણ પ્રેરણા મળશે. જે પ્રમાણે આ આયોજન થયું છે તેમાં મુખ્યમંત્રીશ્રીને કહ્યું છે કે એક કરોડના ધ્વજ તો ઓછા પડશે બીજા ધ્વજ સુરતમાંથી વ્યસ્થા કરી રહ્યા છીએ તે એટલા માટે જરૂરી છે કેમ કે સુરત શહેરનાં દરેક ઘરમાં ત્રિરંગો લાગે તે અમારી કલ્પના ને અમારે સાકાર કરવી છે. આ સુરત શહેર જે આખા દેશ માટે રાષ્ટ્રધ્વજ પુરા પાડે છે તો સુરત માટે ચોક્કસ વ્યવસ્થા કરી શકાશે એવો મને વિશ્વાસ છે. આવો સૌ સાથે મળી સમગ્ર દેશની અંદર દરેક ઘરે આ ધ્વજારોહણ કરવા માટે સુરતથી આજે જ્યારે ગુજરાતમાં શરૂઆત થઈ છે આખા દેશમાં ધ્વજ સુરતમાંથી જાય છે તો પ્રેરણા પણ સુરત માંથી જ જાય, વાતાવરણ પણ સુરતમાં બન્યું છે તે જ વાતાવરણ આખા દેશમાં પણ પહોંચે એના માટે આપણે સૌ સફળ પ્રયત્ન કરીએ તે શુભેચ્છા.

આ કાર્યક્રમમાં રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, માર્ગ અને મકાન મંત્રીશ્રી પુર્ણેશભાઈ મોદી, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયા, ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, શાશક પક્ષના ડે.મેયરશ્રી દિનેશભાઈ જોધાણી, સાશક પક્ષના નેતા શ્રી અમિતસિંહ રાજપૂત, દંડકશ્રી વિનોદભાઈ, શહેર પ્રમુખશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સ્ટે.કમિટીના ચેરમેનશ્રી પરેશભાઈ પટેલ સહીત ધારાસભ્યશ્રીઓ, નગરપાલિકાનાં હોદ્દેદારશ્રીઓ તેમજ પ્રદેશના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)